જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૬/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૬૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૨૭	૩	૧૧૫૩૦	૧૭૬૪૬	૩	૧૭૬૪૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૦	૦	૯૦	૩૧૭	૦	૩૧૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૬૨૮૨	૨૭૭	૫૬૫૫૯	૫૬૯૨૧	૨૭૬	૫૭૧૯૭
કુલ		૭૨૬૦૭	૨૮૦	૭૨૮૮૭	૮૧૧૨૭	૨૭૯	૮૧૪૦૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૪	૩,૧૭,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૦૧	૧૯,૦૧,૦૦૦/-

"SHE" ટીમની કામગીરીની વિગત

દરીયાપુર પોલીસ સ્ટેશન :

આજરોજ દરિયાપુર "SHE" ટીમ દ્વારા પોલીસ સ્ટેશન માં નોંધાયેલા સિનિયર સિટીઝન પૈકી એકલવાયું જીવન જીવતા ૬૦ વ્યક્તિઓને એમના ઘરે જઈને અનાજ ની કીટ નું વિતરણ કરવામાં આવ્યું છે અને દરેક ના સ્વાસ્થ્ય સબંધી ખબર અંતર પૂછવામાં આવ્યા છે.





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૬૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૫ કેસ કરી, ૯૮ વ્યક્તિઓને ઝડપી, ૪૨૦ લીટર દેશી દારૂ, ૩૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ કાર, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૭૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૦૭૧/૨૦૨૧**

ગોમતીપુરઃ મોહમદઅમીન સ/ઓ ઇબ્રાહીમભાઈ શેખ (ઉ.વ.૫૭) (રહે. શમસેરબાગ હોજવાળી મસ્જીદ સામે ગોમતીપુર) એ તા.૧૫/૦૬/૨૦૨૧ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૦૬/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન રાજપુર ગોમતીપુર શમસેરબાગ ખાતે આવેલ સોનલ ટ્રાવેલ્સની ઓફિસ ખાતે આરોપી મલય ચોક્સી (જેના પુરા નામ સરનામાની ખબર નથી)એ મોહમદઅમીન શેખને રેલવેમાં નોકરી આપવાનું કહી વિશ્વાસમાં લઈ રૂપિયા ૧,૩૦,૦૦૦/- તથા હિમાંશુ જગદીશભાઇ પાસેથી રૂપિયા ૯૦,૦૦૦/- મેળવી લઈ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એચ.શેખ ચલાવે છે.

સેટેલાઈટઃ તત્તપુજા શંકરન નારાયણ (ઉ.વ.૭૩) (રહે.બી/૭ સ્વાગત એપાર્ટમેન્ટ બોડકદેવ) એ તા.૧૫/૦૬/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૭ થી તા.૧૭/૦૯/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ જોધપુર ટેકરા ઈસરો સામે "શ્રી નારાયણ કલ્ચર મિશન" ખાતે સ્કુલના કલાર્ક આરોપી પરેશભાઈ દિલીપભાઇ રાવલ (જેના નામ સરનામાની ખબર નથી) એ અન્ય ફી પેટે ૪૩૦ વિધાર્થીઓના કુલ રૂપિયા ૬,૭૮,૧૨૦/- સંસ્થામાં જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લિબોલા ચલાવે છે.

નિકોલઃ રણજીતકુમાર નાગેન્દ્રમોહન મિશ્રા (ઉ.વ.૪૦) (રહે.મ.નં-૧૬૧/એપોકેટ-૧ મયુરવિહાર ફેજ-૧ તૈલી દિલ્લી) એ તા.૧૫/૦૬/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રણજીતકુમાર મિશ્રા ટેડીકલ મેન્યુ ફેકચરીંગ ગેટ-વે, પ્રા.લી. એલ.ઈ.ડી.ઇલેક્ટ્રોનિક્સની કંપની ધરાવે છે જે કંપની માટે એલ.ઈ.ડી.ના પાર્ટસ ખરીદવા માટે માહે ફેબ્રુઆરી/૨૦૧૮ થી તા.૩૧/૦૮/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ આસ્થા બંગ્લોઝની બાજુમા શ્રીનિધી ફ્લેટ ખાતે આરોપી (૧) પ્રશાંતભાઇ રંગાભાઇ પટેલ (રહે. શ્રીનિધી ફ્લેટ આસ્થા બંગ્લોઝની બાજુમાં નિકોલ) અને ગ્લોબલ વેંચર ઇંટેક્ષ કંપનીના મેનેજર (૨) પ્રદિપભાઇ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) નાઓનો સંપર્ક કરી રણજીતકુમાર મિશ્રાએ એલ.ઈ.ડી. ટી.વી.ના મટીરીયલ્સ માટે રૂપિયા ૨,૭૨,૭૬,૦૦૮/- નો ઓર્ડર આપી એડવાન્સ પેટે રૂપિયા ૫૩,૫૦,૦૦૦/- જમા કરાવ્યા હતા. ત્યારબાદ ઓર્ડર મુજબના માલની અવાર-નવાર માંગણી કરવા છતા માલ નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૦૭૨/૨૦૨૧**

દાણીલીમડાઃ રાજેશભાઇ મગનભાઇ મકવાણા (રહે.આશાપુરાનગર ઢોરબજાર ચાર રસ્તા પાસે દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૩૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

સોનાની ચેઇન ઝુટવી લઇ ગયો :- **સમાચાર યાદી નં.૧૦૭૩/૨૦૨૧**

નારોલઃ સંતોષબહેન વા/ઓ ભુરસિંગભાઇ શર્મા (ઉ.વ.૪૪) (રહે. લક્ષ્મીનિવાસ રેસીડેન્સી હીરામાણેક સ્કૂલની બાજુમાં નારોલ) તા.૧૩/૦૬/૨૦૨૧ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સફેદ રંગના એક્સેસ સ્કુટર ઉપર આવેલ પુરૂષ સંતોષબહેન શર્માના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૩,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સંતોષબહેન શર્માએ તા.૧૫/૦૬/૨૦૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.બ્રીદ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૭૪/૨૦૨૧**

નવરંગપુરાઃ નવરંગપુરા માય-માય શો રૂમની ગલીમા સહજાંનદ કોમ્પલેક્ષના ત્રીજા માળે રહેતા બંસીલાલ મોહનલાલ ખરાડી (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ-નોખના તા.સાંગવાડા જી-ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

સરદારનગરઃ દીપાબહેન ડો/ઓ જીતનભાઇ સોલંકી (ઉ.વ.૧૭) (રહે. વાલ્મીકી આવાસ ઔડાના મકાન નોબલનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અજીતસિંહ છગનસિંહ ચલાવે છે.

ખોખરાઃ સિધ્ધરામ મહાદેવભાઇ કોંકણે (ઉ.વ.૩૫) (રહે. ભગાભાઇ રબારીની ચાલી ભાઇપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૧ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ ખોખરા પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

વટવાઃ પિયુષભાઇ સ/ઓ ડાહ્યાભાઇ જાદવ (ઉ.વ.૪૦) (રહે. નીગમનાથ મહાદેવ મંદિરની બાજુમા નીગમ સોસાયટી પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૬/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૧૫/૦૬/૨૦૨૧ કલાક ૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડના પાઇપ સાથે રૂમાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

દાણીલીમડાઃ ફિરોજ હબીબભાઈ નીલગર (ઉ.વ.૩૮) (રહે. હાજી ફલેટ જાયદા ડુપ્લેક્ષ સામે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૬/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે રહેણાંકના છતમાં લોખંડના પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ભીમાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી